ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૧/૨૨-૨૩/ ૩૦૨૨ તારીખ : 20 SEP 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૧/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી પટેલીયા ધનજીભાઈ હરિભાઈ,**
**ગોપનાથ રોડ, રેલીયા**
**તા.તળાજા,**
જી.ભાવનગર

મો.નં – ૯૪૨૮૪ ૯૫૩૦૬

**વિષય : ખેતીવાડી નોર્મલ વારાનું એસ.પી.એ નું વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૦૭/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૭/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૨૨-૨૩/૨૪૭૦ તા.૨૯/૦૭/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૨૨-૨૩/૨૬૫૨ તા.૨૪/૦૮/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૬/૦૯/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાનાઃ-
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૧, **તળાજા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૧/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી પટેલીયા ધનજીભાઈ હરિભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૬/૦૯/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી પટેલીયા ધનજીભાઈ હરિભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પટેલીયા ધનજીભાઈ હરિભાઈ, મું.રેલીયા, તા.તળાજા, જી.ભાવનગરની ખેતીવાડી નોર્મલ વારાનું એસ.પી.એ નું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૨૨–૨૩/૨૪૭૦ તા.૨૯/૦૭/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૬/૦૯/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી પટેલીયા ધનજીભાઈ હરિભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ તળાજા તાલુકાના રેલીયા ગામે અમારી સંયુકત ખેતીવાડી આવેલ છે. અમારો સર્વે નં–૭૦/૧ પૈકી ૧ અમારા હિસ્સે આવેલ અમારી બાજુમાં વેલજીભાઈ રવજીભાઈ નો સર્વે નં–૭૦/૧ પૈકી ૨ આવેલ છે. જેમાં ખેતીવાડી વિજ કનેકશન એ–૧ કેટેગરીનું હયાત છે.

૧.૨ અમારો સર્વે નંબર અલગ છે. અમારે વિજ કનેકશન નથી. તળાજા વિજ કચેરીમાંથી સર્વે કરવા ત્યારે અમે અલગ અલગ ૭/૧૨ વગેરે બતાવેલ ત્યારે સર્વે મોજણી કરેલ ત્યારબાદ, તેનું અંદાજપત્ર મળતા તે મુજબ તેની રકમ અમારા દ્વારા ભરપાઈ કરવામાં આવેલ.

૧.૩ ત્યારબાદ, ક્રમ પ્રમાણે વારો આવતા લાઈન કામ શરૂ કરવામાં આવેલ ત્યારે કર્મચારી દ્વારા જણાવેલ કે, વેલજીભાઈ રવજીભાઈ નું વિજ કનેકશન ચાલે છે એટલે તમને વિજ કનેકશન મળશે નહી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ બાજુવાળા શેઢા પાડોશી ને વિજ કનેકશન હોય તો બાજુવાળાનો સર્વે નંબર અલગ હોય છતાં, કનેકશન મળે નહી. બેદરકાર ઉપર કંપની ના નિયમ મુજબ પગલા લઈ વિજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રીમતી બાલુબેન હરિભાઈ પટેલીયા, ગામ--રેલીયા દ્વારા નવા ખેતીવાડી કનેકશન માટે રૂા.૨૦૦/– તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ ભરીને વિજ કનેકશનની માંગણી કરેલ. જેના અનુસંધાને તેઓ દ્વારા અંદાજપત્ર ની રકમ રૂા.૮૦૫૩/– તા.૨૯/૦૪/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરી આપવામાં આવેલ. તેમનો માંગણીવાળા કનેકશન નો સર્વે નં–૭૦/૧ પૈકી ૧ હતો. પરંતુ, સદર સ્થળ ઉપર હાલમાં વેલજીભાઈ રવજીભાઈ નામનું ૩૭૫૨૪/૦૫૧૧૧/૫ ગ્રાહક નંબર કે જેનો લોડ ૭.૫ એચ.પી. અને એ–૧ કેટેગરીનું કનેકશન હયાત છે.

૨.૨ ઉપરોકત ગ્રાહક નંબર વાળી ફાઈલનો અભ્યાસ કરતાં, સદર સર્વે નં–૭૦/૧ હતો. ત્યારબાદ, સદર સર્વે નંબર ના ૨(બે) ભાગ પડેલ હતા. જેમાંનો એક ભાગ બાલુબેન હરિભાઈ પટેલીયાના ભાગમાં આવેલ અને તેનો સર્વે નં--૭૦/૧ પૈકી ૧ છે. સદર સર્વે નંબરમાં ગ્રાહક નં–૩૭૫૨૪/૦૫૧૧૧/૫ થી વેલજીભાઈ રવજીભાઈ નું કનેકશન સદર સર્વે નંબરમાં આવી ગયેલ છે. તેમજ સદર સર્વે નંબર નો બીજો ભાગ કે જે વેલજીભાઈ રવજીભાઈ ખરક ના ભાગે આવેલ છે. જેનો સર્વે નંબર–૭૦/૧ પૈકી ૨ છે.

૨.૩ આ બાબતની ફરીયાદ વાદી દ્વારા ઉપલી કચેરીમાં કરવામાં આવતા તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ અત્રેની કચેરી ના નાયબ ઈજનેર(ટેક–૨) તેમજ પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર તેમજ જુનીયર ઈજનેર સાથે સ્થળ પર રૂબરૂ જોઈને તપાસ કરતા ઉપર મુજબની હકીકત જાણવા મળેલ છે. સ્થળ પરથી જરૂરી એવું રોજકામ પણ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ આમ જે સર્વે નંબરમાં વાદી દ્વારા નવા ખેતીવાડી વિજ કનેકશનની માંગણી કરવામાં આવેલ હતી તેમાં હાલમાં એક વિજ કનેકશન હયાત છે. તેથી, બાલુબેન હરિભાઈ પટેલીયા ને ઉપરોકત સર્વે નંબરમાં કનેકશન મળવાપાત્ર નથી.

૨.૫ આ બાબતની નોટીસ તળાજા–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–(૧) ટીએલજે/ટેક/૩૩૯ તા.૧૪/૦૨/૨૦૨૨ (૨) ડીઈ/ટેક/૧૭૮૨ તા.૨૨/૬/૨૦૨૨ અને (૩) ડીઈ/ટેક/૧૮૪૧ તા.૨૭/૦૬/૨૦૨૨ નંબર વાળી નોટીસ વાદીશ્રી ને આપવામાં આવેલ છે.

૨.૬ તળાજા–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા આખરી નોટીસ નં--ડીઈ/ટેક/૨૧૩૮ તા.૨૮/૦૭/૨૦૨૨ આપીને તેમનું માંગણી વાળા વિજ કનેકશનની અરજી રદ બાતલ કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :-- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી પટેલીયા ધનજીભાઈ હરિભાઈ, ગામ–રેલીયા, તા.તળાજા, દ્વારા ગામ–રેલીયા ના સર્વે નં–૭૦/૧ પૈકી ૧ માં નવા ખેતીવાડી વિજ કનેકશન પ્રતિવાદીની કચેરી દ્વારા ન આપવા અંગેની રજૂઆત ફોરમને કરેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૨ આજરોજ તા.૦૬/૦૯/૨૦૨૨ ની સુનાવણીમાં બંન્ને પક્ષો હાજર છે. તેઓએ કરેલ લેખિત રજૂઆત ના સંદર્ભ માં વધુ મૌખિક રજૂઆત કરી દસ્તાવેજો રજૂ કર્યા છે.

૩.૩ વાદી દ્વારા વિજ કનેકશન માંગ્યા બાદ તે સર્વે નંબરનો વધુ એક ભાગ પડતા, પ્રતિવાદી દ્વારા એક સર્વે નંબર પર બીજું કનેકશન ન આપી શકાય તેવી રજૂઆત છે.

જેની સામે વાદીએ રજૂઆત કરેલ કે, બંને સર્વે નંબરના, ૭/૧૨ તથા ઉતારાઓ અલગ અલગ છે તેમજ પ્રતિવાદીની કચેરીની મુલાકાત/સર્વે દરમ્યાન જણાવવામાં આવેલ અન્ય કામગીરી જેવીકે લાઈન ને નડતરરૂપ વૃક્ષો હટાવવા, અલગ બોર કરવો, વગેરે દ્વારા કરી ક્વોટેશન પણ ભરી આપેલ છે.

ઉપરોકત રજૂઆતો પરથી ફોરમને જણાય છે કે, વાદી નવું વિજ કનેકશન મેળવવા હકકદાર છે.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, વાદીએ પ્રતિવાદીની તા.૨૮/૦૭/૨૦૨૨ ની નોટીસ નો જવાબ આપી આજરોજ ફોરમના જણાવ્યા મુજબના આધાર પુરાવા રજૂ કરવા, જે મળ્યેથી, પ્રતિવાદી નવા વિજ કનેકશન આપવાની કાર્યવાહી દિવસ–૩૦ માં પૂરી કરવી.

–:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar

તારીખ :– ૦૬/૦૯/૨૦૨૨.